**મે.મજુર અદાલત,અમદાવાદના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી એ.એમ.શેખસાહેબ સમક્ષ**
**રેફરન્સ (ટી) નં.૮૭૪/૨૦૧૮**
**આંક–૪૩**

**પ્રથમ પક્ષકારઃ–** મેનેજરશ્રી, કેનલ ઈન્ડસ્ટ્રીઝ લી.,
૨૦૩, અભીજીત–૧, મીઠાખળી છ રસ્તા,
એલીસબ્રીજ, અમદાવાદ–૭.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકારઃ–** મેહુલભાઈ કનુભાઈ પટેલ,
૧૫૭, ભાવના ટેનામેન્ટ, વાસણા બેરેજ રોડ,
નારાયણનગર, અમદાવાદ–૭.
૮/૦, કાર્લમાર્કસ જનરલ લેબર યુનીયન,
શહીદ વીર ભગતસિંહ ચોક,
શાંતિનિકેતન હાઈસ્કુલ સામે, અમરાઈવાડી,
અમદાવાદ–૨૬

**હાજર રહયા :–** પ્રથમ પક્ષકાર તરફે : વિ.વકીલશ્રી સી.આર.પટેલ
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિશ્રી પી.સી.નસીત

**–: એવોર્ડ :–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમા સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે સામાવાળા અને અરજદાર તરીકે સંબોધવામાં આવેલ છે.

(૨) આ કામના અરજદાર યુનીયને મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહી થતા સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમદાવાદના હુકમ ક્રમાંક : નાશ્રઆ/અવિ/વિ.૧/આઈડીઆર–૨૦૧૭/૭૫/૧૮/૧૯૫૧૨, તા.૩૧–૭–૨૦૧૮ થી અત્રેની કોર્ટને ન્યાયનિર્ણય અર્થે સુપરત કરેલ જેનુ પરિશિષ્ટ નીચે મુજબ છે.

સંસ્થામાં કામ કરતા શ્રી મેહુલભાઈ કનુભાઈ પટેલને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૩) ઉપરોકત વિગતે અરજદારે અત્રેની કોર્ટમાં ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરી રેફરન્સ કેસ દાખલ કરેલ છે. ત્યારબાદ નોટીસ કરતાં સામાવાળા તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા

અને જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ બંને પક્ષકારો તરફે સોગંદનામુ રજુ કરવામાં આવેલ જેની ઉલટતપાસ કરવામાં આવેલ છે. ત્યારબાદ બાદ સદર કામમાં સમાધાનની વાતચીત ચાલતી હોય અરજદાર અને તેમના વિ.વકીલશ્રી હાજર થયેલા અને તેઓના જણાવ્યા મુજબ સંસ્થા એન.સી.એલ.ટી. માં ગયેલ હોવાથી સદર રેફરન્સ એન.સી.એલ.ટી. માં દાવો કરવાની શરતે આંક–૪ર થી વિડ્રો પુરસીશ રજુ કરી સદરહુ રેફરન્સ પરત ખેંચતા હોવાનુ જણાવતા હોય સદર પુરસીશ નોંધવામાં આવેલ છે. આમ, અરજદારની આંક–૪ર ની વિડ્રો પુરસીશ મુજબ સદરહુ રેફરન્સ વિડ્રો કરતા હોય હાલનો કેસ આજરોજ લોકઅદાલતમાં ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તારીખ : ૧૩–૫–૨૦૨૩
સ્થળ : અમદાવાદ.

(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)
CODE GJ01031
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.